सत्यमेव जयते

રજુ તારીખઃ ૨૬/૦૫/૨૦૨૩
નોંધ્યા તારીખઃ ૨૬/૦૫/૨૦૨૩
ફેંસલ તારીખઃ ૦૩/૦૪/૨૦૨૬
અવધિઃવર્ષ- , માસ- , દિવસ-

================================================================

**સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં,**
**મુકામ-સુરત**

================================================================

**ફોજદારી કેસ નંબર ૧૮૭૨/૨૦૨૩**
**આંક-.......**

ફરીયાદી - શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપીઓ (૧) વિપુલ મહસારીયા ગોપાલભાઇ મહસારીયા
રહે.૯૦૪ રત્ન એપા., સીટીલાઇટ, સુરત

ગુન્હોઃ- ઇ.પી.કો.કલમ-૨૭૯, ૪૨૭ અને એમ.વી.એકટની કલમ ૩, ૧૮૧ મુજબનો.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી કે.સી.રાવલ
આરોપી તરફે વિ. વકીલશ્રી ઝેડ.એ.શેખ

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

**-// ચુ કા દો //-**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરિયાદીએ પોતાની હેકટર ગાડી પાર્ક કરેલ હતી ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર લાયસન્સ વગર બજાજ એવેન્જર

નં.જીજે.૫.એલ.ડબલ્યુ.૭૦૪૧ પુરઝડપે ચલાવી અને આરોપી વિપુલનાએ પોતાની મો.સા.નં.જીજે.૫.પીડી.૨૫૭૮ ગફલતભરી રીતે હંકારી લાવી એકબીજાને અથડાવી દઇ એવેન્જર મો.સા. ચાલકે ફરિયાદીની હેકટર ગાડીને રૂ.૫૪,૧૩૫/- નું નુકશાન કરી ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ આપતા ઇ.પી.કો.કલમ-૨૭૯, ૪૨૭ અને એમ.વી.એકટની કલમ-૩, ૧૮૧ મુજબનો ગુન્હો ઉમરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૬૦/૨૦૨૩ થી નોંધાયેલ અને તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી તેમજ લાગતા વળગતા સાહેદોનાં વિગતવાર નિવેદનો નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં આરોપીને અટક કરી ચાર્જશીટ કરતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) સદરહુ કામે આરોપીને પ્રોસેસની ધોરણસર બજવણી થતાં આરોપી હાજર થયેલા હોઈ આંક-૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરેલી. જેમાં આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે મળેલ હોવાની ખાતરી કરવામાં આવેલી. આરોપીએ પોતાની સામેના આક્ષેપ મુજબના ગુનાનો ઈન્કાર કરેલ હોઈ, કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ. આ કામે પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| **આંક** | **પુરાવાની વિગતો** |
|---|---|
| ૭ | ફરિયાદી સંતોષકુમાર રાધાક્રિષ્ન જોષીની જુબાની |

**<u>લેખિત પુરાવો</u>**

| **આંક** | **પુરાવાની વિગતો** |
|---|---|
| ૮ | ફરિયાદ |
| ૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૦ | રીકવરી પંચનામું |

(૪) ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત પુરાવો રજૂ થયા બાદ ફરિયાદીએ ક્લોઝીંગ પુરસીસ રજૂ કરેલી અને તે ધ્યાને રાખીને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ પણ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ હોઈ તે રીતે આ કામે ફરિયાદ પક્ષ તરફે વિશેષ કોઈ પુરાવો રજૂ થયેલ નથી. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવો ધ્યાને રાખતા આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાયેલ નહીં હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલો વિગતવાર સાંભળવામાં આવેલ છે. ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ સદરહું દલીલોનો અલાયદો ઉલ્લેખ નહીં કરતાં, અહીં આપવામાં આવેલ કારણોમાં દલીલોનો વિગતવાર સમાવેશ કરવામાં આવેલ છે.

(૬) આ કેસની તમામ હકીકતો,સંજોગો અને રજુ કરેલ પુરાવાઓને તથા બન્ને પક્ષે કરવામાં આવેલ દલીલોને ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દા</u>

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીએ પોતાની હેકટર ગાડી પાર્ક કરેલ હતી ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર લાયસન્સ વગર બજાજ એવેન્જર નં.જીજે.૫.એલ.ડબલ્યુ.૭૦૪૧ પુરઝડપે ચલાવી અને આરોપી વિપુલનાએ પોતાની મો.સા.નં.જીજે.૫.પીડી.૨૫૭૮ ગફલતભરી રીતે હંકારી લાવી એકબીજાને અથડાવી દઇ એવેન્ડર મો.સા. ચાલકે ફરિયાદીની હેકટર ગાડીને રૂ.૫૪૧૩૫/- નું નુકશાન કરી ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ આપતા ઇ.પી.કો.કલમ-૨૭૯, ૪૨૭ અને એમ.વી.એકટની કલમ ૩, ૧૮૧ મુજબનો સજાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

<u>-// કા ર ણો //-</u>

<u>**મુદ્દા નંબર-૧.**</u>

(૮) આ કામે આરોપી સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. તથા હાલનાં ગુનામાં આરોપી વિરૂધ્ધની હકીકતો નિઃશંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે.

(૮.૧) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ આંક-૭ થી ફરિયાદી સંતોષકુમાર રાધાક્રિષ્ન જોષીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ સોગંદ ઉપર જણાવે છે કે, તા.૧.૨.૨૦૨૩ ના રોજ તેઓ કારખાને હતા ત્યારે તેઓના ભાઇ દિનેશનો ફોન આવેલ કે તેઓને હેકટર ગાડી નં.જીજે.૫.આરએલ.૬૭૯૫

ગેટની બહાર પાર્ક કરેલ હતી ત્યારે કોઇ અજાણ્યા બાઇક ચાલકે તેમની ગાડી દ્વારા તેઓની હેકટર ગાડીને આગળના ભાગે નુકસાન કરેલું જેથી તેઓ ઘરે આવી ગાડીને જોતા ગાડીને આગળના ભાગે નુકશાન થયેલું હતું. જેથી તેઓએ ઉમરા પો.સ્ટે.માં ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક ૮ થી રજુ કરી તેમા સહી ઓળખી બતાવેલ છે. તેઓની ગાડીને બાઇક ચાલકોએ ટકકર મારેલ તે કોણ હતા તેની તેઓને ખબર નથી કે તેઓને ઓળખી શકે નહી. આ ફરિયાદ પક્ષના સાહેદે તેઓની સરતપાસમાં ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થનકારી પુરાવા આપેલ ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ છે પરંતુ એ.પી.પી.શ્રીની ઉલટ તપાસમાંથી પણ ફરીયાદ પક્ષનાં કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષ બહાર લાવી શકેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, બનાવ નજરે જોયેલો નથી.

(૯) આમ સદર કામે ફરીયાદ પક્ષનાં રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદ પક્ષે ફરિયાદીએ સરતપાસમાં બનાવની જાણ ફોન દ્વારા થયેલ હોવાનું અને તેઓની ગાડીને બાઇક ચાલકોએ ટકકર મારેલ તે કોણ હતા તેઓને ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. એટલે આ કામના આરોપી જ વાહન ચલાવતા હોય તેવું કયાંય જણાવતા નથી. ત્યારબાદ ઉલટતપાસમાં બનાવ નજરે જોયેલ ન હોવાનું કબૂલ રાખેલ છે. આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આ કામના આરોપીએ જ અકસ્માત કરી વાહનને નુકશાન કરેલ હોય તેવું કયાંય નિશંકપણે સાબિત થતું નથી.

વધુમાં મોટર એક્સીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારી રીતે ડ્રાઈવીંગ કરવા બદલ દોષીત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌપ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપીઓ બનાવ સમયે અકસ્માતવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યું કે ગફલતભરી રીતે કરતો હતો. વધુમાં ફોજદારી બેદરકારી તથા દીવાની બેદરકારી એ બંને અલગ બાબત છે અને માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને બેદરકારીભર્યું ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહીં. વધુમાં નામદાર **ઓરીસ્સા વડી અદાલતે " બદ્રીપ્રસાદ તિવારી વિ. સ્ટેટ" ૧૯૯૪ ક્રિમી.લો જર્નલ પાના નં.૩૮૯** માં એમ ઠરાવેલ છે કે;

(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

વધુમાં તે ચુકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે, Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:(i) Rash and negligent driving or riding on a public way.(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveys the idea of reckless doing of an act without consideration of any consequences.

વધુમાં નામદાર સર્વોચ્ચ વડી અદાલતે **"સ્ટેટ ઓફ હરીયાણા વિ. શેરસીંઘ" ૨૦૦૯ (૧) ક્રાઈમ્સ પાના નં.૫** ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, "When there was no specific material to show that respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty, conviction of respondent for causing death of deceased due to rash and negligent driving could no be sustained."

આમ ઉપરોક્ત ચર્ચા કરેલ કાયદાની પરીસ્થિતિ તથા ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપી બનાવ સમયે અકસ્માતવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તે શંકાસ્પદ હોઈ તથા જો આરોપી સદર વાહનનું ડ્રાઈવીંગ કરતો હોય તો તે ગફલતભરી તથા બેદરકારીભર્યુ હતું તેમ પુરવાર થયેલ ગણી શકાય નહીં કારણ કે તે બાબતે તેવો કોઈ સ્પષ્ટ પુરાવો સાહેદોની જુબાનીમાંથી જોવા મળતો નથી. આમ ફરિયાદ હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે **"મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (NCT of Delhi) ૨૦૧૦(૬) એસ.સી.સી. ૧"** માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

"197. In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be innocent till

proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contaimed in Article- 20 and 21 of the Constitution of India."

આમ, ઉપરોકત તમામ ચર્ચા, કેસની હકીકત, રજૂ થયેલ પુરાવો તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને નામદાર કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. જેથી હાલના કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતું ન હોય છોડી મૂકવા જોઈએ. જેથી મુદ્દા નંબરઃ ૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવું છું.

**<u>મુદ્દા નંબરઃ ૨</u> -**

આ કામે મુદ્દા નંબર-૧ ના પરિણામ સ્વરૂપ ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-// <u>હુ ક મ</u> //-**

1. આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૫(૧) અન્વયે ઇ.પી.કો.કલમ-૨૭૯, ૪૨૭ અને એમ.વી.એકટની કલમ ૩, ૧૮૧ મુજબના સજાને પાત્ર ગુન્હા માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતા-૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) ની જોગવાઈઓ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપવા ૬ (છ) માસના સમય માટેના રૂા.૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.
3. આ ગુનાના કામે કબજે કરેલ મુદામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ તા.૦૩ જી, માંહે-એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ – ૦૩/૦૪/૨૦૨૬**

**સ્થળ – સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**

**Judge Code : GJ01606**

**જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ (મ્યુનિસિપલ), સુરત**